


## ૧. એચ.આઈ.વી. / એઈડ્સ

માણસને જ્યારે એઈડ્સ થાય છે ત્યારે રોગો સામે પ્રતિકાર કરવાની કુદરતી શક્તિ ઓછી થઈ જાય છે. એક અંદાજ એવું દર્શાવે છે કે ૨૦૦૬ની સાલમાં ભારતમાં પચીસ લાખ લોકોને એઈડ્સની બિમારી થઈ છે. આ રોગનાં મુખ્ય કારણો જાણવા જેવા છે. આ રોગનો ભોગ બનેલા મોટે ભાગે લગ્નેત્તર સંબંધ ધરાવે છે. ઉપરાંત પુરૂષ બીજાં પુરૂષ સાથે સંબંધ બાંધે તો પણ એઈડ્સ થવાની શક્યતા વધી જાય છે. ડ્રગ્સની કુટેવવાળામાં પણ એઈડ્સ જોવા મળ્યા છે. એઈડ્સ મટાડવાની કોઈ સારવાર હાલમાં મળી શકતી નથી.

## એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિના શરીરનું લોહીથી ચેપનો ફેલાવો

જેને રોગ થયો હોય તેનું લોહી બીજાને ચઢાવવામાં આવે તેમજ એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિના શરીરમાંથી અન્ય પ્રવાહીઓ જેવા કે વીર્ય, યોનિસ્ત્રાવ, એચ.આઈ.વી. ગ્રસ્ત માતાનું ધાવણ દ્વારા પણ રોગનો ચેપ લાગવાની શક્યતાઓ રહે છે. એચ.આઈ.વી. થયો હોય તેની રોગનો સામનો કરવાની શક્તિ ઝડપથી ઘટતી જાય છે. આ કારણે તેવી વ્યક્તિને કોઈ પણ રોગ લાગુ પડી જાય અને ટ્યુમર પણ થાય. જો કે એક વાત મહત્વની છે કે રોજીંદા સામાજિક વ્યવહારોથી ચેપ લાગે તેવું બનતું નથી. જેવા કે સ્પર્શ કે સાથે જમવા કે બેસવાથી

## સારવાર અને રોકવા માટેના ઉપાયો

એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યક્તિમાં શરૂઆતમાં કેટલાક સમય સુધી રોગના ચિહ્નો જોવા મળતા નથી. રોગ શરૂ થયા બાદ છ થી આઠ વર્ષે એઈડ્સના લક્ષણો જોવા મળે છે. આ સમયે તબીબી સારવાર, માનસિક ટેકો અને પરિવારનો સાથ ખુબ જરૂરી છે. એક વિશિષ્ટ સારવાર છે જેનું નામ એન્ટી રીટ્રોવીરલ થેરાપી છે. આ સારવાર લેવાથી વ્યક્તિ વર્ષો સુધી માંદી પડતી નથી અને તેના શરીરમાં રહેલા એચ.આઈ.વી. પ્રમાણમાં ઓછા જોવા મળે છે. આ સારવાર સરકારી દવાખાના / આરોગ્ય કેન્દ્રોમાં મળી શકે છે. પરંતુ યાદ રાખજો આ રોગને મટાડતી સારવાર નથી. આ કારણે જ અમારા રક્તદાતાઓને આગ્રહભર્યું સૂચન કરીએ છીએ કે જાતીય જીવન ખુબ સલામત રાખજો. એક જીવનસાથી સાથે જ જાતીય જીવન માણજો. નિરોધના સાધનો ઉત્તમ કક્ષાના જ વાપરજો, નશાકારક ડ્રગ્સ ક્યારેય ના લેશો અને લોહી લેવાની જરૂર પડે તો પૂરી ખાત્રીવાળુ અને સલામત હોય તે જ લોહી સ્વીકારજો.